**સુરતના મે. ચોથા એડી. જયુડી.મેજી. ફ. ક. સાહેબની કોર્ટમાં, મું. સુરત**

આંક–૧ લગત હુકમ

**<u>ફરીયાદી:–</u>** ધી સ્ટેટ ઓફ ગુજરાત.

**<u>વિરૂઘ્ધ</u>**

**<u>ગુન્હો : મોટર વ્હિકલ એક્ટની કલમ– 185 મુજબ.</u>**

**<u>ઠરાવ</u>**

૧). આ કામની ફરીયાદ હકીકત આરોપીને વાંચી સંભળાવી અને સમજાવવામાં આવેલી છે તેના જવાબમાં આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ કરેલ છે. આરોપીએ સ્વખુશીથી ગુન્હાની કબુલાત કરેલ છે જે નહી માનવાને કોઈ કારણ નથી.

૨). આરોપીએ સ્વેચ્છાથી ગુન્હાની કબુલાત કરેલ છે અને કબુલાત પુરસીસ રજુ કરેલ છે અને દયાની માગણી કરેલ છે અને આરોપી તરફે રજુઆત છે કે તેઓનું આ પ્રથમ ગુન્હો છે અને કુટુબનો ભરણપોષણનો આધાર આરોપી પર છે. તેમજ આરોપીનો કોઇ ગુનાહિત ઇતીહાસ નથી. આ કામના ગુન્હાનુ સ્વરુપ લક્ષમાં લઈ તથા આરોપીએ સ્વેચ્છાએ ગુન્હો કબુલ કરેલ હોઈ નીચે મુજબનો હુકમ કરુ છું.

૩). કેસની હકીકત, આરોપીના આર્થિક સંજોગો, તેની સ્વૈચ્છીક કબુલાત ઘ્યાને લેતાં તેમજ ગુનાના કામે સજાની જોગવાઇઓ ઘ્યાને લેતા, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે :–

**<u>હુકમ</u>**

આરોપીને ક્રિ. પ્રો. કોડ કલમ– 252 અન્વયે **<u>મોટર વ્હિકલ એક્ટની કલમ– 185</u>** મુજબ ના ગુનામાં તકસીરવાર ઠરાવી આરોપીને રુા. 2500/– (અંકે રુપીયા બે હજાર પાંચસો પુરા) નો દંડ કરવામાં આવે છે અને જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન–15 ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં આ ગુનાના કામે જમા લિધેલ મુદામાલ વાહન અંગે અગાઉ જો કોઇ હુકમ થયેલ હોય તો તે હુકમ કાયમ રાખવો, અગરતો સદરહુ મુદામાલ વાહન તેની માલીકી બાબતની ખરાઇ કરી નીયમો અનુસાર પોલીસ સ્ટેશનથી પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

ઠરાવ આજરોજ ખુલ્લી કોર્ટમાં જાહેર કર્યો.

**તારીખ–11/12/2021.**
**સુરત.**

**(શ્રીમતી ડી. આર. ઠાકુર)**
**ચોથા અધિક. સીવીલ જજ**
**અને જે.એમ.એફ.સી., સુરત.**
**જી.જે.૦૧૨૪૧.**

[આરોપીએ દંડની રકમ રૂ. <u>2500/-</u> ,
અંકે <u>રુપીયા બે હજાર પાંચસો</u> પુરા,
રસીદ નં.– ______ થી અત્રેની કોર્ટમાં આજરોજ ભરપાઇ કરેલ છે.

તા.–11/12/2021. આસીસ્ટન્ટ / સુપ્રિન્ટેન્ડેન્ટ]